# <u>એમ્કો લખપતિ રીકરીંગ સ્કીમ અંગે.</u>

**<u>નિયમો :</u>**

(૧) એમ્કો લખપતિ રીકરીંગ ડિપોઝીટ સ્કીમ ૩૬ માસ અને ૮૦ માસ માટે પાકતી મુદતે રૂા.૧/- લાખ મળે તેવી આ સ્કીમ છે.

(૨) આ સ્કીમમાં પાકતી તારીખ ૩૭ માં અને ૮૧ માં મહિનાની ૧૦ મી તારીખ રહેશે.

(૩) આ સ્કીમમાં પાકતી મુદત પહેલાં જો એકત્રિત થયેલ ડિપોઝીટ પરત મેળવવાની હશે તો સેવિંગ્સ ખાતાના વ્યાજદરે વ્યાજ ચૂકવવામાં આવશે.

(૪) ★પાકતી તારીખે મળવાપાત્ર રૂા.૧/- લાખ ની રકમ નીચેની શરતોને આધિન રહેશે.

(એ) નિયમ મુજબ 15G/15H લેવાના રહેશે તથા વ્યાજમાંથી TDS કપાત થશે તો તેટલી રકમ ઓછી મળવાપાત્ર રહેશે.

(બી) જો દર માસે ડિપોઝીટ કરવાની રકમ નિયમિતપણે તારીખ ૧ થી ૫ સુધીમાં ભરાઇ નહી હોય તો તે મુજબ મળવાપાત્ર વ્યાજની રકમ ઓછી થવા સંભવ છે.

(સી) સીનીયર સીટીઝનનું પ્રથમ નામ રાખી સાથે સંયુક્ત રીતે બીજું નામ જો સીનીયર સીટીઝન નથી તેવી વ્યક્તિ સાથે રાખેલ હોય અને મુદત પૂર્ણ થતાં પહેલાં સીનીયર સીટીઝનનું સંજોગોવસાત અવસાન થાય તો, અવસાનની તારીખથી સીનીયર સીટીઝનને મળતું ૦.૫૦% વધારે વ્યાજ બંધ થઇ જશે, જેથી પાકતી મુદતે હયાત રહેનાર વ્યક્તિને મળવાપાત્ર રકમ ઓછી મળશે.

(૫) જોઇન્ટ એકાઉન્ટ હોલ્ડરમાંથી કોઇપણ એક વ્યક્તિનું અવસાન થાય અને જો સૂચના" Either or Survivor"હોય તો એવા સંજોગોમાં

(એ) મુદત પહેલાં રકમ ઉપાડવી હોય તો, બંન્ને વ્યક્તિઓએ સંયુક્ત સહી થી આવા સંજોગોમાં હયાત વ્યક્તિને ઉપાડવા દેવાની સંમત્તિ આપેલ હોવી જોઇએ. એકાઉન્ટ ખોલતી વખતે જ આવો ઓપ્શન આપવો હિતાવહ છે.

(બી) જો ઉપર મુજબની સંમત્તિ આપેલ ન હોય, તો મૃતક વ્યક્તિના વારસદારની સંમત્તિ મેળવવી પડશે, તો જ હયાત વ્યક્તિને **મુદત પહેલાં** નાણાં ઉપાડવા દેવાશે. પરંતુ નિયમ મુજબ વ્યાજ સેવિંગ્સ ખાતાના વ્યાજદરે ચૂકવાશે.

(સી) જો નાણાં પાકતી તારીખે ઉપાડવાના હોય તો હયાત વ્યક્તિને, મૃતકના વારસદારની સંમત્તિ વિના ચૂકવી શકાશે.

(૬) **આ સ્કીમ તા.૧૨.૧૧.૨૦૧૮ ના રોજથી અમલમાં આવશે.**

(૭) આ સ્કીમમાં વ્યક્તિ, પેઢી, કંપની, માઇનોર, એચયુએફ વગેરે નિયમ મુજબ રોકાણ કરી શકશે. આ સ્કીમમાં નિયમમુજબ ઓવરડ્રાફટની ફેસીલીટી મળી શકશે.